# અનેકાંતવાદનો સંક્ષિપ્ત પરિચય

— મુનિ શ્રી કલાપ્રભસાગરજી

सकलनयविलसितां विरोधमथनं नमाम्येनेकान्तम् ।

– બધા નયોના વિરોધને વિનાશ કરવાવાળા અનેકાંતને હું નમસ્કાર કરું છું.*

**અનેકાંતવાદનું સ્વરૂપ :**

'अनंत धर्मात्मकं वस्तु' (સ્યાદ્વાદ મંજરી)

જૈન સંસ્કૃતિનું માનવું છે કે, પ્રત્યેક વસ્તુના અનંત પક્ષ છે. તે પક્ષોને જૈન દર્શનની ભાષામાં ધર્મ કહેવાય છે. આ દૃષ્ટિથી સંસારની પ્રત્યેક વસ્તુ અનંત ધર્મ છે.

અનેકાંતમાં 'અનેક' અને 'અંતે' (અનેક + અંત) એ બે શબ્દો છે. અનેકનો અર્થ અધિક અથવા વધુ અને અંતનો અર્થ ધર્મ અથવા દૃષ્ટિ થાય છે. કોઈ પણ વસ્તુ તત્ત્વની જુદી જુદી અપેક્ષાઓથી પર્યાલોચના કરવી તે 'અનેકાંત' છે. 'અપેક્ષાવાદ,' 'કથંચિદ્વાદ'. 'સ્યાદ્વાદ' અને 'અનેકાંતવાદ.' આ બધા શબ્દો પ્રાયઃ એક જ અર્થના વાચક છે

જૈન સંસ્કૃતિમાં એક જ દૃષ્ટિબિંદુથી પદાર્થની પર્યાલોચના કરવાની પદ્ધતિને એકાંગી, અપૂર્ણ, અપ્રામાણિક માનવામાં આવેલ છે. અને એક જ વસ્તુના વિષયમાં જુદી જુદી અપેક્ષાઓથી કહેવાની વિચારધારાનો સંપૂર્ણ અને પ્રામાણિક રીતે સ્વીકાર કરેલો છે. આ સાપેક્ષ વિચાર પદ્ધતિનું નામ વસ્તુતઃ અનેકાંતવાદ છે.

અનેકાંતવાદની એ વિશિષ્ટતા છે કે, તે કોઈ વસ્તુના એક પક્ષને પકડીને નથી કહેતો કે, આ વસ્તુ એકાંતથી આ 'જ' છે, જ્યારે તે તો 'જ'કારના સ્થાન પર 'પણ'નો પ્રયોગ કરે છે.

**અન્ય દર્શની સાથે તુલના :**

જગતમાં જેટલા પણ એકાંતવાદી દર્શનો છે, તે બધા વસ્તુ સ્વરૂપના સંબંધમાં એક પક્ષને સર્વથા પ્રધાનતા આપી, કોઈ તથ્યનું પ્રતિપાદન કરે છે. વસ્તુસ્વરૂપના સંબંધોમાં ઉદારમના થઈને વિવિધ દૃષ્ટિકોણોથી વિચાર કરવાની કળા તેઓની પાસે પ્રાયઃ નથી હોતી, અને તેનું કારણ પણ એટલું છે કે, તેમનો દૃષ્ટિકોણ અથવા કથન 'જનવિતાય'

* પુરુષાર્થ સિદ્ધયુપાય – શ્રી અમૃતચંદ્રજી કૃત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન રહેતા 'જનવિનોદાય' બની જાય છે, એથી વિપરીત જૈન દર્શનના પૂજ્ય ગીતાર્થ જ્ઞાની ભગવંતોએ વસ્તુરૂપ પર અનેક દૃષ્ટિઓથી વિચાર કરી ચૌમુખી સત્યને આત્મસાત્ કરવાનો દૂરગામી પ્રયત્ન કર્યો છે. એથી પૂજ્ય ગીતાર્થોનું દૃષ્ટિકોણ સત્યનું દૃષ્ટિકોણ છે અને જનહિતનું દૃષ્ટિકોણ છે.

ઉદાહરણ રૂપે આત્મા તત્ત્વને જોઈએ :

સાંખ્ય દર્શન આત્માને એક રસ નિત્ય જ માને છે. તેમનું કહેવું છે : 'આત્મા સર્વથા નિત્ય જ છે.'

જ્યારે બૌદ્ધ દર્શનનું કહેવું છે : 'આત્મા અનિત્ય (ક્ષણિક) જ છે.' આમ આપસમાં બન્નેનો વિરોધ છે. બન્નેનો ઉત્તર દક્ષિણનો માર્ગ છે. પરંતુ જૈન દર્શન કદી પણ એકાંતપક્ષી નથી. તેનો મત છે : 'જો આત્મા એકાંત નિત્ય છે, તો તેમાં ક્રોધ–અહંકાર–માયા–લોભના રૂપમાં રૂપાંતર થયેલો કેમ દેખાય છે? આત્માનું નારક–દેવતા-પશુ અને મનુષ્યમાં કેમ પરિવર્તન થાય છે? કૂટસ્થ નિત્યમાં તો કોઈ પણ રીતે પર્યાય યા પરિવર્તન હેરફેર ન થવો જોઈએ. કિંતુ પરિવર્તન તો થાય છે, તે તો સ્પષ્ટ જ છે. એથી 'આત્મા નિત્ય જ છે.' આ કથન ભ્રાન્તિભર્યો છે. અને જો આત્મા સર્વથા અનિત્ય જ છે, તો 'આ વસ્તુ તે જ છે, જેને મેં પહેલાં જોઈ હતી' એવો એકત્વ અનુસંધાનાત્મક પ્રત્યભિજ્ઞાન ન થવો જોઈએ. પરંતુ પ્રત્યભિજ્ઞાન તો અબાધ રૂપથી થાય જ છે. તેથી આત્મા સર્વથા અનિત્ય (ક્ષણિક) જ છે. આ માન્યતા પણ ત્રુટિયુક્ત છે. જીવનમાં એક આગ્રહ (કદાગ્રહ) પકડીને 'જ'કારનાં રૂપમાં આપણે વસ્તુસ્વરૂપનું તથ્ય નિર્ણય ન કરી શકીએ. આપણે તો 'પણ'....દ્વારા વિવિધ સ્વરૂપોથી સત્યના પ્રકાશનો સ્વાગત કરવો જોઈએ. અને આ સત્યપૂર્ણ દૃષ્ટિથી આત્મા નિત્ય છે અને પર્યાયની દૃષ્ટિથી આત્મા અનિત્ય છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે, એકાંતના પ્રયોગથી સત્યને તિરસ્કારવા બહિષ્કાર થાય છે. આપસમાં વેર, વિરોધ, કલહ, કલેશ તેમ જ વાદવિવાદ વધી જાય છે. અને 'પણ....' (અનેકાંત)ના પ્રયોગથી આ બધા દ્વન્દ્વ એકમત–શાંત થઈ જાય છે. 'જ'કારથી સંઘર્ષ અને વિવાદ આદિ ઉત્પન્ન થાય છે. આ વિષયમાં એક સુંદર પ્રેરણીય દૃષ્ટાંત છે.

**એક દૃષ્ટાંત :**

એક વખત બે માણસો નૃત્ય જોવા ગયા. એ બન્ને માણસોમાંથી એક આંધળો હતો, જ્યારે બીજો બહેરો હતો. બેથી ત્રણ કલાક પર્યંત તમાશો જોઈને તેઓ પોતાના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘર પ્રતિ પ્રયાણ કરી રહ્યા હતા. રસ્તામાં એક માણસ મળ્યો. તેણે પૂછ્યું : 'કેમ ભાઈઓ! નૃત્ય જોઈ આવ્યા ? નૃત્ય કેવો હતો ?' ત્યારે આંધળાએ કહ્યું : 'આજે ફક્ત ગીત ગાવાનું થયું છે. નૃત્ય તો આવતી કાલે થશે.' ત્યારે વચ્ચે જ બહેરો બોલ્યો : 'અરે ! આજ તો ફક્ત નાટક જ થયો છે. ગીત ગાવાનું તો આવતી કાલ પર હશે !' આમ બન્ને જણા પોતપોતાના તાનમાં આવી ગયા. એટલું જ નહીં પણ 'હું જ સાચો, તું ખોટો' આમ ગયા. એટલું જ નહીં પણ 'હું જ સાચો, તું ખોટો' આમ નાહક વાદવિવાદમાં ઊતરી મારપીટ સુધી પહોંચતા વાર ન લાગી.

અનેકાંતવાદ એ જ કહે છે કે, એક દૃષ્ટિકોણ પોતાનું કરી આંધળા–બહેરા ના બનો. બીજાનું પણ સાંભળો. બીજા શું કહે છે તે સાંભળી દૃષ્ટિબિંદુઓને પણ દેખો. તે પર ચિંતન કરો. હકીકતમાં નૃત્યમાં થઈ હતી બન્ને વસ્તુઓ. નાટક પણ અને ગીત ગાન પણ! પરંતુ આંધળો નૃત્ય નહોતો દેખી શકતો. જ્યારે બહેરો ગીતો નહોતો સાંભળી શકતો. આજે ગાવાનું જ થયું છે, યા નૃત્ય જ થયું છે. આ 'જ'કારમાં કલહ–મારપીટમાં પડી બન્ને જણા ઝઘડયા. જો બન્ને જણા એકબીજાને સમજી લેત અને 'પણ'ની વાતમાં (કદાચ આમ પણ હશે) માનીને પોતાપણું ન કરત, તો ઝઘડવાનો પ્રશ્ન જ ન રહેત. આવી રીતે અનેકાંતવાદ પરસ્પરમાં કલહવિવાદ ઉત્પન્ન કરવાવાળા 'જ'કારનું ઉન્મૂલન કરીને તેના સ્થાન પર 'પણ'....નો પ્રયોગ કરવાની મહાન પ્રેરણા આપી જાય છે.

અનેકાંતવાદી (સ્યાદ્વાદી) અને ન્યાયાધીશ બંને સરખા ગણી શકાય છે. ન્યાયાધીશ જે રીતે વાદી–પ્રતિવાદીની જુબાની લઈ, તેમનાં દૃષ્ટિબિંદુઓ તપાસી કેસનો ફેંસલો આપે છે; તેવી જ રીતે સ્યાદ્વાદી પણ વિરોધીઓનાં દૃષ્ટિબિંદુ અવલોકી તેમાંથી સારાંશ તારવી વસ્તુસ્થિતિનો નિર્ણય કરે છે અને સાથે સમન્વય કરાવે છે. આમ, ન્યાયાધીશ કરતાં પણ તે એક ડગલું આગળ વધે છે.

આ માટે જૈન શાસ્ત્રોમાં છ અંધ પુરુષો અને હાથીનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

એક વખત એક ગામમાં કોઈ જન્મથી આંધળા એવા છ પુરુષો હાથી પાસે ગયા. તેઓએ હાથીને કદી જોયેલો જ નહીં, તેથી માંહોમાંહે આ પ્રમાણે વિવાદ કરવા લાગ્યા; 'જેના હાથમાં હાથીનો પગ આવ્યો, તેણે કહ્યું : 'હાથી થાંભલા જેવો છે.' જેના હાથમાં કાન આવ્યો, તેણે કહ્યું : 'હાથી સુપડા જેવો છે.' જેના હાથમાં સૂંઢ આવી, તેણે કહ્યું : 'હાથી સાંબેલા જેવો છે.' જેના હાથમાં પેટ આવ્યું, તેણે કહ્યું : 'હાથી પખાલ જેવો છે.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેના હાથમાં તેના દંતશૂળ (દાંત) આવ્યા, તેણે કહ્યું : 'હાથી કામઠા જેવો છે.' અને જેના હાથમાં પૂંછડી આવી, તેણે કહ્યું : 'હાથી દોરડા જેવો છે.' આ રીતના વાદવિવાદથી તેઓ અંદરોઅંદર ઝઘડવા લાગ્યા. દરેક પુરુષો પોતાને, પોતે સાચા છે અને બીજા ખોટા છે એમ માનતા હતા. આ તકરાર ચાલી રહી હતી, ત્યારે કોઈ એક દેખતો માણસ ત્યાંથી પસાર થવા લાગ્યો. તેણે એકબીજાને તકરાર કરતા જોઈ કહ્યું : 'તમે કોઈ તકરાર ન કરો. તમે બધા યે તમારી દૃષ્ટિએ સાચા છો. કારણ, તમે દરેકે હાથીના જે જે ભાગ ઉપર સ્પર્શ કર્યો, તે તે ભાગ તમે કહો છો, તેવો જ છે, કિંતુ એવા તો હાથીના ઘણા અંશો છે. જ્યાં સુધી તેના બધા અંશોને સ્પર્શાય નહિ, ત્યાં સુધી હાથીની ખરી માહિતી મળી શકે નહિ !' આથી, તેમના દરેકના મનનું સમાધાન થયું.

આ દૃષ્ટાંતથી એ સમજવાનું છે કે, બોલનાર હંમેશાં કઈ દૃષ્ટિથી બોલે છે, તે પ્રથમ તપાસવું જોઈએ. આ બુદ્ધિના પણ વિકાસની સાથે સમન્વય સાધી શકાશે. સ્યાદ્વાદી હંમેશાં એક વાર વસ્તુના તમામ ધર્મો તપાસે છે. ત્યારબાદ જ તેનો ખ્યાલ બાંધે છે, અને વસ્તુસ્થિતિની ચોખવટ કરે છે.

જૈન દર્શનની વિશિષ્ટ અનેકાંતવાદ દૃષ્ટિ મનુષ્યના માનસને આ રીતે તેજનો લીસોટો અર્પે છે કે, મનુષ્યને ચક્ષુ યુગલ મળ્યું છે, જેથી એક ચક્ષુથી પોતાનું સત્ય દેખે અને બીજા ચક્ષુથી વિરોધીઓનું સત્ય દેખે. જેટલી પણ વચન પદ્ધતિઓ અથવા કથનના પ્રકાર છે, તે બધાનું લક્ષ્ય સત્યનું દર્શન કરાવવાનું છે. આ પ્રમાણે સત્યગવેષી દાર્શનિક વિચારકોનો એક જ ઉદ્દેશ્ય છે કે, 'સાધકોને સત્યનો સાક્ષાત્કાર કરાવવો.' બધા પોતપોતાના દૃષ્ટિકોણથી સત્યની વ્યાખ્યા કરી રહ્યા છે, પરંતુ તેમના કથનમાં ભેદ છે. અનેકાંતની તેજ પૂર્ણ ચક્ષુઓથી જ તે તથ્યાંશોના પ્રકાશને લાધી શકાય છે, એમ પૂજ્ય ગીતાર્થ ભગવંતોનું માનવું છે.

### 'સાચું તે મારું' :

હકીકતમાં, અનેકાંતવાદ સત્યની ખોજ કરવા અને સત્યના શિખરો સર કરવા અને મુક્તિમંઝીલને તય કરવા માટે પ્રકાશિત 'મહા માર્ગ' છે. અનેકાંતવાદમાં માત્ર પોતાની દૃષ્ટિ અગણ્ય છે. અહીં તો તટસ્થ ભાવ તેમ જ હૃદય નિખાલસતા – ઉદારતા જ સર્વોપરિ માન્ય છે. 'જે સાચું તે મારું' એ કહેવતાનુસાર ચાહે તે સત્ય કોઈ પણ જાતિ, વ્યક્તિ, યા શાસ્ત્રમાં કેમ ન હોય ? એ જ સત્ય પ્રકાશિત દિશા છે અનેકાંતવાદના મહાન સિદ્ધાંતની !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પદાર્થોના વિરાટ સ્વરૂપની ઝાંખી :**

જૈન દર્શનની વિચારધારા અનુસાર જગતભરના બધા પદાર્થો ઉત્પતિ, વિનાશ અને સ્થિતિ આ ધર્મોથી યુક્ત છે. જૈનત્વની ભાષામાં તેને ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્ય કહેવાય છે, વસ્તુમાં જ્યાં ઉત્પત્તિ તથા વિનાશની અનુભૂતિ થાય છે, તેની સ્થિરતાનું ભાન પણ સ્પષ્ટ થાય છે. 'આપ્તમિમાંસા' નામના ગ્રંથમાં શ્રી સમંતભદ્રજી કહે છે :

'घट' मौलि सुवार्णार्थी – नाशोत्पत्तिस्थितिष्वयम् ।
शोक–प्रमोद–माध्यस्थ्य जनो याति सहेतुकम् ॥

**વિસ્તૃત વિવેચન :**

આ નાનકડા શ્લોકમાં તો ખજાનો ભર્યો છે. સુવર્ણકાર પાસે સુવર્ણનો મુગટ છે. તેણે તે મુગટને તોડીનો કંગન બનાવી લીધો, એટલે મુગટનો વિનાશ થયો. અને કંગનની ઉત્પતિ થઈ. કિંતુ, ઉત્પત્તિ અને વિનાશની આ લીલામાં મૂળ દ્રવ્ય (તત્વ)નું અસ્તિત્વ (હોવાપણું) તો રહ્યું ને ! તે સુવર્ણ જ્યાં ત્યાં પોતાની સ્થિતિમાં વિદ્યમાન રહ્યું. આમાં આ તથ્ય તો સમજમાં આવે છે કે, આકાર, ઉત્પત્તિ અને વિનાશ માત્ર (ઘાટ) વિશેષનો થાય છે. નહિ કે મૂળ વસ્તુનો ! મૂળ વસ્તુ તો અનેક પરિવર્તન થવા છતાં પણ પોતાના સ્વરૂપથી ચલિત નથી થતી ! મુગટ અને કંગન તો સુવર્ણના આકાર વિશેષ છે. આ આકાર વિશેષની ઉત્પત્તિ અને વિનાશનો જોવાય છે. જૂના આકારનો વિનાશ થઈ જાય છે અને નૂતન આકારની ઉત્પતિ થાય છે. આથી ઉત્પતિ, વિનાશ અને સુવર્ણની સ્થિતિ આ ત્રણે પદાર્થના સ્વભાવ સિદ્ધ થાય.

સુવર્ણમાં મુગટના આકારનો વિનાશ અને કંગનની ઉત્પતિ અને સ્થિતિ આ ત્રણે ધર્મતયા ઉપસ્થિત છે. સંસારનો કોઈ પણ પદાર્થ મૂળથી નષ્ટ નથી થતો. તે ફક્ત પોતાના રૂપ બદલાવતો રહે છે. આ રૂપાંતરનું નામ જ ઉત્પતિ અને વિનાશ છે, જ્યારે પદાર્થના મૂળ સ્વરૂપનું નામ સ્થિતિ છે.

ઉત્પત્તિ, વિનાશ અને સ્થિતિ એ ત્રણે ગુણો દરેક પદાર્થના સ્વાભાવિક ધર્મ છે. આ તથ્યને આત્મસાત્ કરવા માટે જૈન દર્શનના પૂજ્ય ગીતાર્થ ભગવંતોએ બહુ જ સુંદર અને બંધબેસતું રૂપક આપણી સામે પ્રસ્તુત કરેલું છે.

**એક રૂપક :**

ત્રણ વ્યક્તિઓ એક સુવર્ણકારની દુકાન ઉપર ગઈ. તેમાંથી એકને સુવર્ણના ઘડાની જરૂર હતી. બીજાને મુગટની, ત્રીજાને ફક્ત સુવર્ણની! ત્યાં જઈને તેઓ જુએ છે કે, સોની સુવર્ણના ઘડાને તોડીને તેનો મુગટ બનાવી રહ્યો છે. સુવર્ણકારની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રવૃત્તિ જોઈને તે ત્રણે વ્યક્તિઓમાં ભિન્ન ભિન્ન ભાવ ધારાઓ થઈ. જેને સુવર્ણના ઘડાની જરૂર હતી, તે ઘડાને તૂટતો જોઈ હેબતાઈને સંતપ્ત બની ગયો. જેને મુગટની જરૂર હતી તે સંતુષ્ટ થઈ હર્ષઘેલો બની ગયો. અને જે વ્યક્તિને માત્ર સોનાની જરૂર હતી, તેને ન શોક થયો કે ન પ્રમોદ. તે તટસ્થ ભાવથી જોતો રહ્યો! અહીં એ જ પ્રશ્ન પ્રસ્તુત થાય છે કે, તે ત્રણે વ્યક્તિઓમાં ભિન્ન ભિન્ન ભાવ ધારાઓ કેમ પ્રગટી? જો વસ્તુ ઉત્પતિ, વિનાશ, અને સ્થિતિયુક્ત ન હોત તો તેઓને માનસમાં આવી પ્રકારની ધારણાઓ ક્યારેય ન ઊઠત! ઘડાને ઈચ્છતી વ્યક્તિના મનમાં ઘડાના તૂટવાથી શોક થયો, મુકુટની અભિલાષાવાળાને પ્રમોદ થયો અને માત્ર સુવર્ણ ઇચ્છનારને શોક, પ્રમોદ, ઈર્ષ્યા કાંઈ જ ન થયાં! કેમ કે, સુવર્ણ તો ઘડાનો વિનાશ અને મુકુટની ઉત્પતિ ઉભય અવસ્થાઓમાં વિદ્યમાન છે. આથી તે મધ્યસ્થ (તટસ્થ) ભાવમાં ઊભો રહ્યો. અલગ અલગ ભાવ ધારાઓના વેગનું મુખ્ય કારણ તો ઉત્પતિ, વિનાશ અને સ્થિતિ – આ ત્રણે ધર્મોનું હોવું છે, તે સ્પષ્ટ રીતે ઉપરોક્ત દૃષ્ટાંતથી સિદ્ધ જ છે. આ ત્રણે ધર્મોથી આ વાત પણ સ્પષ્ટ થઈ જાય છે કે, વસ્તુનો જે અંશ ઉત્પન્ન તથા નષ્ટ થતો રહે છે, તેને જૈન દર્શનની ભાષામાં 'પર્યાય' કહેવામાં આવે છે. અને જે અંશ સ્થિર રહે છે, તેને 'દ્રવ્ય' કહેવાય છે. મુગટ અને કંગન બનાવવાવાળા ઉદાહરણમાં મુગટ અને કંગન 'પર્યાય' છે અને સુવર્ણ 'દ્રવ્ય' છે. દ્રવ્યની દૃષ્ટિથી વિશ્વભરના બધા પદાર્થો નિત્ય છે, અને અનિત્ય પણ. કેમ કે, ઘડાનો જે આકાર છે, તે વિનાશી છે, અનિત્ય છે, પરંતુ ઘડાની માટી અવિનાશી છે, નિત્ય છે. આકારરૂપમાં ઘડાનો નાશ થવા છતાં પણ માટીરૂપ તો વિદ્યમાન રહે જ છે. માટીના પર્યાય આકાર પરિવર્તન થતા રહે છે, પરંતુ માટીના પરમાણુ સર્વથા નષ્ટ નથી થતા.

એ જ વાત વસ્તુના 'સત્' અને 'અસત્' ધર્મના સબંધમાં પણ છે. કેટલાક વિચારકોનો મત છે કે, વસ્તુ સર્વથા સત્ છે. કેટલાકોનું કહેવું છે કે, વસ્તુ સર્વથા અસત્ છે. પરંતુ જૈન દર્શનના મહાન ગીતાર્થ આચાર્ય ભગવંતોનું કહેવું છે કે, પ્રત્યેક પદાર્થ સત્ છે અને અસત્ પણ. બીજા શબ્દોમાં કહીએ, તો વસ્તુ છે અને નથી પણ. પોતાના સ્વરૂપની દૃષ્ટિથી વસ્તુ સત્ છે અને પરસ્વરૂપની દૃષ્ટિથી અસત્. પણ ઘડો પોતાના સ્વરૂપની અપેક્ષાથી સત્ છે, વિદ્યમાન છે, કિંતુ પરના સ્વરૂપની અપેક્ષાથી અસત્ છે, અવિદ્યમાન છે. બ્રાહ્મણ બ્રાહ્મણત્વની અપેક્ષાથી સત્ છે, પરંતુ ક્ષત્રિયત્વની અપેક્ષાથી અસત્ છે. પ્રત્યેક પદાર્થનો અસ્તિત્વ પોતાની સીમાની અંદર છે, સીમાથી બહાર નહિ. જો પ્રત્યેક વસ્તુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક વસ્તુના રૂપમાં સત્ જ થઈ જાય, તો વિશ્વપટ પર કોઈ વ્યવસ્થા જ ન રહે, એક જ વસ્તુ સર્વરૂપ થઈ જાય.

## અનેકાંતવાદ સંશયવાદ નથી :

અનેકાંતના સંબંધમાં અજૈન જગતમાં કેટલીયે ભ્રાન્તિઓ ફેલાયેલી છે. કેટલાકોનું માનવું છે કે, અનેકાંતવાદ એ સંશયવાદ છે. કિંતુ, જૈન દર્શનના દૃષ્ટિબિંદુએ આ સત્યથી પર છે, સત્યથી હજાર માઈલો દૂરની વાત છે. સંશય તો તેને કહેવાય છે કે, જે કોઈ પણ વાતનો નિર્ણય ન પામી શકે. અંધારામાં કોઈ વસ્તુ પડી છે, તેને જોઈને વિચાર આવે કે આ દોરડું હશે કે સાપ! એમ કોઈ નિશ્ચય પ્રાપ્ત નથી થતો. કોઈ વસ્તુ નિશ્ચયાત્મક રૂપથી ન સમજાય તો તે 'સંશય'નું સ્વરૂપ છે. પરંતુ અનેકાંતવાદમાં તો કોઈ સંશય જેવી સ્થિતિ છે જ નહિ. તે તો સંશયનો મૂળોચ્છેદ કરાવવાવાળો નિશ્ચિતવાદ છે.

અનેકાંતવાદીનો સર્વ ધર્મ સમન્વય એક જુદી કોટીનો હોય છે. તે સત્યને સત્ય અને અસત્યને અસત્ય રૂપમાં દેખે છે, માને છે અને અસત્યનો ત્યાગ અને સત્યનો સ્વીકાર કરવા માટે સતત ઉદ્યમશીલ રહે છે. 'અસત્યનો પક્ષ ન કરવો અને સત્ય પ્રતિ સદા જાગૃત રહેવું" એ જ અનેકાંતવાદીની સાચી તટસ્થ અને મધ્યસ્થ દૃષ્ટિ છે. સત્ય-અસત્યમાં કોઈ વિવેક ન કરવો, તે મધ્યસ્થ દૃષ્ટિ નથી, પણ અજ્ઞાન દૃષ્ટિ છે, જડ દૃષ્ટિ છે. અનેકાંત સિદ્ધાંતને માનવાવાળી વ્યક્તિનો મધ્યસ્થ ભાવ એક અલગ પ્રકારનો જ હોય છે. જેની સ્પષ્ટતા નિમ્ન શ્લોકમાં આપણે જોઈ શકીએ છીએ :

'तत्रापि न द्वेषः कार्यो, विषयस्तु यत्नतो मृग्यः ।
तस्यापि च सद्वचनं, सर्वं यत्प्रवचनादन्यत्न ॥ [ षोडशक १६–१३ ]

— અન્ય શાસ્ત્રો પ્રતિ દ્વેષ કરવો ઉચિત નથી, કિંતુ તેઓ જે વાતો કરે છે, તેની પ્રયત્નપૂર્વક શોધ કરવી જોઇએ. તેમાં જે સત્ય વચન છે તે દ્વાદશાંગી રૂપ પ્રવચનથી ભિન્ન નથી. મુખ્ય સારાંશ એ છે કે, જૈન દર્શનનો પ્રાણ અનેકાંતવાદ અસત પક્ષોને સમન્વય નથી સાધતો. આનાથી તો જીવનમાર્ગમાં અંધસ્થિતિ ઉત્પન્ન થઈ જાય છે. ફક્ત સાપેક્ષો અને તથ્યાંશોનો સમન્વય જ 'અનેકાંત' છે.

## શું એક જ વસ્તુમાં વિરોધી ધર્મ રહી શકે ?

એક જ પદાર્થ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. સત્ પણ છે અને અસત્ પણ છે, એક પણ છે અને અનેક પણ છે. જૈન ધર્મના મેરુમણિ અનેકાંતવાદનો આવો જ આઘોષ છે. નિત્યત્વ–અનિત્યત્વ, સત્વ–અસત્વ, એકત્વ–અનેકત્વ આદિ પરસ્પર વિરોધી ધર્મ એક જ પદાર્થમાં કેવી રીતે રહી શકે? આ પ્રશ્ન સહેજે ઉપસ્થિત થઈ શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ, જરા ઊંડાણથી વિચારવાથી આ તથ્ય સમજી શકાશે કે, આ તો આપણા રોજના અનુભવમાં આવવાવાળી વાત છે. કોણ નથી જાણતું કે, એક જ વ્યક્તિમાં પોતાના પિતાની દૃષ્ટિથી પુત્રત્વ, પુત્રની દૃષ્ટિથી પિતૃત્વ, ભાઈની અપેક્ષાથી ભ્રાતૃત્વ, છાત્રની દૃષ્ટિથી અધ્યાપક અને અધ્યાપકની દૃષ્ટિથી છાત્રત્વ આદિ પરસ્પરમાં વિરુદ્ધ ધર્મો પ્રાપ્ત થાય છે.

હા! વિરોધનો પ્રશ્ન ઊઠાવવો ત્યારે જ ઉચિત કહી શકાય, જ્યાં એક જ અપેક્ષાથી, એક પદાર્થમાં પરસ્પર વિરુદ્ધ ધર્મોનું નિરુપણ કરવામાં આવે. પદાર્થમાં દ્રવ્યની દૃષ્ટિથી નિત્યત્વ, પર્યાયની દૃષ્ટિની અનિત્યત્વ, પોતાના સ્વરૂપની દૃષ્ટિથી સત્વ અને પરસ્વરૂપની દૃષ્ટિથી અસત્વ સ્વીકાર કરાય છે. આથી અનેકાંતના સિદ્ધાંતને વિરોધમૂલક બતાવવું તે પોતાની અજ્ઞાનતાનો પરિચય આપ્યા બરાબર છે.

**અનેકાંતની ઉપયોગિતા અને જૈન તત્ત્વજ્ઞાનનો મૂળ આધાર :**

જ્યાં સુધી મનુષ્ય પોતાના જ વિચારોને અથવા મંતવ્યને સર્વથા ઠીક સમજતો રહે છે, પોતાની જ વાતને પરમ સત્ય માનતો રહે છે, ત્યાં સુધી તેમાં બીજાના દૃષ્ટિકોણને સમજવાની દૃષ્ટિ કે ઉદારતા નથી આવતાં અને તે "કૂવાનો દેડકો" બની રહે છે. હકીકતમાં તે પોતાને સાચો અને બીજાને સર્વથા મિથ્યાવાદી સમજી બેઠો હોય છે.

આજે એક જ કુટુંબમાં કલહ કલેશો છે!

સાર્વજનિક જીવનમાં ક્રૂરતા છે!

ધાર્મિક ક્ષેત્રમાં 'હું' 'તું' 'મારા તારા'ની બોલાબોલી છે.

આંતરરાષ્ટ્રીય વાતાવરણમાં ઊંડી તાણાતાણ છે.

આ બધું અનેકાંતના દૃષ્ટિકોણને ન અપનાવવાનું કારણ છે. આમ અનેકાંતવાદ જૈન સંસ્કૃતિના તત્ત્વજ્ઞાનનો મૂળાધાર છે. એ સહેજે સમજી શકાય તેમ છે. જેમ પ્રકાશ આવતાં જ અંધકાર અદૃશ્ય થઇ જાય છે, તેવી જ રીતે અનેકાંતનો આલાપ માનસમાં આવતાં વેંત જ કલહ દ્વેષ, વૈષમ્ય, કાલુષ્ય, સંકુચિત વૃતિ અને સંઘર્ષ સર્વે શાંત થઈ જાય છે અને શાંતિ અને સમન્વયનું મધુરું વાતાવરણ વૃદ્ધિ પામતું જાય છે. એકમેકમાં વિરોધ અને સંઘર્ષાત્મક હઠાગ્રહરૂપ વિષને વિદાય આપી, અવિરોધ શાંતિ સહઅસ્તિત્વના આ અમૃતવર્ષણમાં જ અનેકાંતવાદની સર્વોપરી ઉપયોગિતા સિદ્ધ જ છે.

**ઉપસંહાર :**

જૈન સંસ્કૃતિમાં જે કોઈ પણ વાત કહેવામાં આવી છે, તે અનેકાંતાત્મક વિચાર અને સ્વાદ્વાદની ભાષામાં કહેવામાં આવી છે.

કોટિકોટિ વંદન હો અનેકાંત દૃષ્ટિ આપનાર સર્વજ્ઞ વીતરાગ પરમાત્માઓને અને પરમ ગીતાર્થ આચાર્ય ભગવંતોને!

*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org